ઝોન નં.૯૪ કોલેજ કોડ:– ૨૩૦૩૦

શ્રી સૌરાષ્ટ્ર એન્જયુકેશનલ ટ્રસ્ટ સંચાલિત

**શ્રીમતિ મણીબેન ઠાકરશીભાઈ ધમસાણીયા કોમર્સ કોલેજ,**

કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન :(૦૨૮૧) ૨૪૫૩૦૯૧

**E-Mail:- mtdcc.rajkot@gmail.com**

નં. એમટીડીસીસી/163/૨૦૨૪ -૨૫ તા.૩૦/૦૮/૨૦૨૪

પ્રતિ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તમામ ભવનોનાં અધ્યક્ષશ્રીઓ

તથા સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ.

વિષય:- <u>સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વર્ષ ૨૦૨૪-૨૫ આંતર કોલેજ વોલીબોલ બહેનોની સ્પર્ધા બાબત.</u>

માનનીયશ્રી,

સવિનય જણાવવાનું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ વોલીબોલ બહેનો ૨૦૨૪ – ૨૫ સ્પર્ધાનું આયોજન અમારી કોલેજને સોંપવામાં આવ્યું છે. આપની કોલેજો/ભવનોને આ સ્પર્ધામાં ભાગ લેવા હાર્દિક આમંત્રણ છે. આપની કોલેજની એન્ટ્રી સમયસર મોકલાવી આભારી કરશોજી.

| સ્પર્ધાનું નામ | સ્પર્ધા તારીખ | સ્પર્ધાનો સમય | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|
| વોલીબોલ બહેનો | ૨૧/૦૯/૨૦૨૪ | સવારે ૮:૦૦ કલાકે | શ્રીમતિ એમ.ટી. ધમસાણીયા કોમર્સ કોલેજ, કોટેચા ચોક, કાલાવડ રોડ, રાજકોટ. |

<u>સુચના-</u>

- આ સ્પર્ધાની એન્ટ્રી સ્પર્ધાના દિવસે સવારે સ્પર્ધા સ્થળ પર સ્વીકારવામાં આવશે એટલે કોઈપણ સંસ્થા કે ભવનોએ પહેલેથી એન્ટ્રી મોકલવાની જરૂર નથી.
- એન્ટ્રી ફી તથા રેફરી ચાર્જ ઉપર દર્શાવેલ તારીખ અને સમય પ્રમાણે સ્થળ ઉપર રૂબરૂમાં રોકડેથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નિયમાનુસાર રેફરી ફી રૂપિયા ૩૦૦/-(મેચ દીઠ) અને એન્ટ્રી ફી રૂપિયા ૫૦૦/- આપવાની રહેશે.
- સ્પર્ધા દરમિયાન કોઈ પણ જાતનો અકસ્માત થાય તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કે અમારી કોલેજની કોઈ જાતની જવાબદારી રહેશે નહિ. તેની ભાગ લેનાર ખેલાડીઓએ ખાસ નોંધ લેવી.
- ચાલુ સ્પર્ધા દરમિયાન કોઈપણ સંસ્થા કે ખેલાડીઓને જો કોઈ ખેલાડીઓ સામે વાંધો હોઈ તો રૂ.૫૦૦/- રોકડા ભરીને સ્પર્ધાની લવાદ સમિતિ સામે લેખિત માં રજૂઆત કરવાની રહેશે. ત્યારબાદ સ્પર્ધાની લવાદ સમિતિ જે નિર્ણય લેશે તે સૌને બંધનકર્તા રહેશે.
- સમગ્ર સ્પર્ધા દરમિયાન સ્પર્ધા કમિટીનો નિર્ણય અંતિમ રહેશે.

- દરેક ભાગ લેનાર સંસ્થાઓ/ભવનોએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વેબસાઈટ online એન્ટ્રી કરેલી હોવી જોઈએ અને પોતાનું એન્ટ્રી ફોર્મ સહી સિક્કા કરાવીને સાથે લાવવું ફરજીયાત છે જેની ખાસ નોંધ લેશો.
- સ્પર્ધામાં ભાગ લેવા માંગતી સંસ્થાઓએ તારીખ ૨૦/૦૯/૨૦૨૪ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં સંસ્થાઓએ પોતાનું રજીસ્ટ્રેશન (કોલેજ એન્ટ્રી ફોર્મ) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી આંતર કોલેજ વેબસાઈટ (www.icsauuni.com) પર નોંધાવવું ફરજીયાત છે.
- ખેલાડીઓએ કોલેજના વડાની સહી-સિક્કા વાળું આઈ.ડી. કાર્ડ (ઓરીજીનલ) આધારકાર્ડ (ઓરીજીનલ) લાવવું ફરજીયાત છે.
- વધુ વિગત માટે અમારી સંસ્થાના <u>પ્રો. રમેશભાઈ ભટાસણા (મો.નં. ૯૭૨૭૦૯૭૭૬૯)</u> પર સંપર્ક કરવો.
- આપની સંસ્થાની ટીમ આ સ્પર્ધામાં ભાગ લેવાની છે કે નહિ તેની જાણ ઉપરોક્ત નંબર પર તા.૧૪/૦૯/૨૦૨૪ સાંજે ૬.૦૦ વાગ્યા સુધીમાં કરી આપશોજી જેથી કરીને આયોજનમાં થોડી સરળતા રહે.

R.B. Bhatasna
આચાર્ય/પ્રિન્સિપાલ
શ્રીમતી એમ. ટી. ધમસાણીયા
કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.

<u>નકલ સાદર રવાના:-</u>

- માન. કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- માન. કુલસચિવશ્રી , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- શા.શિ. નિયામકશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (વેબ સાઈટ પ્રસિદ્ધિ અર્થે)
- મુખ્ય હિસાબ અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- નાયબ હિસાબી અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ